

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પકડાયું ખાયકી કૌભાંડ, ભાજપ ખોંખારે છે,
કાચબા પર આરૂઢ તંત્ર, અત્યારે તોખારે છે,
'સમજૂતિ'માં કરો ધોખા, રેલા આવે પડે નોખા -
વ્હેલું-મોડું પાપ સૌનું છાપરે ચડી પોકારે છે...
(હેલીકોપ્ટર - ખરીદી)

હાઈકુ

રાષ્ટ્ર પ્રમુખે -
લઈ લીધો હાથમાં,
દોરી સંચાર...
(અનામત જાહેરાત)

'દબાઈ ગયા!'
ગરીબી રેખા નીચે -
સુખી પટેલો...
(માસિક પચ્ચાસ હજાર આવકે ગરીબ)

### ચિંતન

**સંતોષ : એક પુરુષસ્ય પરં નિધાનમ્ ॥**

સંતોષ જ માણસનો શ્રેષ્ઠ ખજાનો છે.

ગુજરાતીમાં કહેવત છે કે 'સંતોષી નર સદા સુખી' લોભ કે લાલચમાં જે સપડાય એ તેના કળણમાં એવો ફસાતો જાય છે કે અંતે સર્વનાશ વહોરે છે. કારણ કે લોભ ને થોભ હોતો નથી આજે આ મેળવ્યું, કાલે પેલું મેળવીશ એવી વાતો વિચારતો રહે છે. આ રાજસ્ ગુણ તેને કયારેય સંતોષથી રહેવા દેતો નથી. જેમની તૃષ્ણા, આશા અત્યંત તીવ્ર છે અને તે રઘવાયો કરી દે છે. એ માણસ અંતે લાચાર તથા દરિદ્ર થઈને જીવન જીવે છે. સંતોષ તો દૈવી સંપદા છે. અમૂલ્ય કહેવાય એવો ભંડાર પણ સંતોષ જ છે.

'સંતોષ' એ એવો એક સદ્‌ગુણ છે જે મન પર સંયમની લગામ રાખે છે. સંતોષીને પોતાની શક્તિ-મર્યાદા બહારની કોઈ ઈચ્છા-અપેક્ષા રહેતી નથી. ઈશ્વરે જે આપ્યું છે અને પોતાની જે લાયકાત હતી તે પામીને એમાં સંતુષ્ટ રહે છે. ઈચ્છાઓ-અપેક્ષાઓ માણસને બેલગામ બનાવે છે.

### સુવિચાર

- જીવન જીવવાનું જોમ આપે એ જ સાચો ધર્મ છે - **રજનીશ**
- જે ધર્મમાં વિવેકબુદ્ધિ ને સ્થાન હોતું નથી માત્ર ધર્માંધતા જ દેખાતી હોય તેવો ધર્મ અધર્મનો પર્યાય જ છે - **સંત રોબિન**
- પાત્રને વિશાળ રાખીશ તો એમાં શુભનો સંગ્રહ થતો રહેશે - **તાઓ**
- જીવન એટલે સતત શીખવાની અવસ્થા, જીવન સતત બદલાય છે તેથી અંતિમ ક્ષણ સુધી જે વાસી ન બને તે જીવન છે - **વિમલા ઠાકર**
- લોભથી ઉત્પન્ન થયેલાં ધન લોભીની સ્વામિની હોય, પણ પુરુષાર્થ અને સદાચારથી ઉત્પન્ન થયેલ ધન પુરુષાર્થીની દાસી હોય - **ગુલાબદાસ બ્રોકર**
- જીવનનો કોઈ એવો પ્રશ્ન નથી કે જેનો જવાબ જીવન-પુસ્તકના છેલ્લા પાને આવેલો હોય, જીવન તો રહસ્યમય છે - **રોહિત શાહ**
- આજનું ઔષધ : પેશાબ અટકીને આવતો હોય તો આમળાના ચૂર્ણમાં ઘી અને ગોળ મેળવી રોજ લેવાથી પેશાબ સાફ આવે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણા આજના પ્રધાનશ્રીઓ 'હેલીકોપ્ટર' સિવાય મુસાફરી કરતા જ નથી એટલે એમને સામાન્ય પ્રજાને નડતી-પડતી મુશ્કેલીઓની કલ્પના પણ કયાંથી હોય? અને પછી મદદરુપ થવાની તો વાત જ જન્મે કયાંથી?

લાલબહાદુર શાસ્ત્રી રેલ્વે પ્રધાન હતા ત્યારે રેલ્વેના પ્રથમવર્ગના ડબ્બામાં સામાન્ય મુસાફર તરીકે પ્રવાસ કરતા હતા - તે જમાનામાં 'સ્ટાફ' અને ગાર્ડ-રક્ષકો સાથે ન હતા. એ લોકો નિર્ભય રીતે સેવા કાર્ય કરી શકતા હતા.

પ્લેટફોર્મ પર ટીટી સાથે એક યુવાન આજીજી વિનંતી કરતો રહ્યો - 'મારા પિતા બિમાર છે મારી પાસે બીજા વર્ગની સ્લીપરની ટિકીટ છે પણ પિતાજીને ખૂબ આરામની જરુર છે મને, પૈસા લઈ ટિકીટ બદલી આપો! - ટીટી એ કોઈ સીટ ખાલી નથી કહી લાચારી બતાવી - ચાલ્યો ગયો.'

શાસ્ત્રીજી નીચે ઉતર્યા - પોતાની જગ્યા બચાવી યુવાનને ટિકીટ આપી દીધી. કહ્યું, જા તારા પિતાજીને અહીં સૂવડાવ - હું તારી જગ્યા પર જાઉં છું...

સવારે ટીટી આવ્યો. શાસ્ત્રીજીને જોઈ આશ્ચર્ય થયું... બધું મનોમન સમજી ગયો અને વંદન પણ કર્યા.

## 'નીટ' નો ગર્ભિત સંદેશ

### તંત્રીસ્થાનેથી...

સૈદ્ધાંતિક દૃષ્ટિએ જોઈએ તો સુપ્રીમ કોર્ટે મેડિકલ અને ડેન્ટલ કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે દેશભરમાં એક સરખા ધારાધોરણ હોવાં જોઈએ, એવો આદેશ આપ્યો તેનું સ્મર્થન કરવાનું મન થાય પરંતુ તે આદેશના અમલીકરણ અંગે જે ઉતાવળ કરવામાં આવી એ વ્યવહાર-દૃષ્ટિએ ઉચિત ન જ લાગે. આપણી તરુણ પેઢી ઘણી તેજસ્વી છે, એ નવી બાબતો ઘણી ઝડપથી ગ્રહણ પણ કરી લે છે. પરંતુ અહીં તો આખી જિંદગીની કરિયરનો સવાલ હતો. વિજ્ઞાનપ્રવાહ લઈ ગુજરાતી માધ્યમાં ભણેલા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી હજી પણ ડૉકટર કે ઈજનેર થવાની હોય છે. બાયોલોજી-ફિઝિક્સ-કેમિસ્ટ્રી વાળા ગ્રૂપના વિદ્યાર્થીઓ બારમાં ધોરણની હાયર સેકંડરી પરીક્ષામાં વિક્રમજનક સફળતા હાંસલ કરે પણ એમને 'ગુજકેટ' નો ઉંબરો ઓળંગવો પડતો હતો. એટલે જેવી બોર્ડની પરીક્ષા પૂરી થાય એવી તાબડતોબ ગુજકેટની તૈયારીમાં પડી જનારા વિદ્યાર્થીઓને અચાનક સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ તૈયારી કરનારા વિદ્યારથીઓને સીધા જ સેન્ટ્રલ બોર્ડની પરીક્ષા માટેના અભ્યાસક્રમ પરથી તૈયાર કરાયેલા પ્રશ્નપત્રો બઝાડી દેવામાં આવે તો એ ડઘાઈ જ જાય. સુપ્રીમનો આદેશ એટલે માનવ સંશાધન વિકાસ વિભાગે એનો અક્ષરક્ષઃ અમલ કરવો જ પડે. 'નીટ'ની પરીક્ષા જેણે પણ આપી તે કોઈ ને કોઈ મુદ્દે નારાજછે. અભ્યાસક્રમ બહારના પ્રશ્નો, માધ્યમના પ્રશ્નો, મૂંઝાઈ જવાય એવા વૈકલ્પિક જવાબો અને ફિઝિક્સના દાખલા ગણવા માટે કેલ્ક્યુલેટરની પણ છૂટ નહીં - આ ઉપરાંત પરીક્ષામાં ગેરરીતિ ન થાય એની ફુલપ્રૂફ ચોકસાઈ. ઘણા વિદ્યાર્થીઓનાં પેપર બગડ્યાં, ઘણાંને અધૂરાં છોડવા પડ્યાં - નિર્ધારિત સમયમાં પૂરા જવાનો ન લખી શકાયા. વિદ્યાર્થીઓને આંસુ સાર્યા. પરંતુ એમના અશ્રુપાતથી કે વાલીઓના મૂક વિરોધપ્રદર્શનોથી 'નીટ'ની શરૂ થઈ ગયેલી પ્રક્રિયા થોડી અટકી શકશે? આ મુદ્દે ગુજરાતના સત્તાધીશોએ અને કેળવણીકારોએ ખૂલીને બહાર આવવું જોઈએ. સરકાર અને અદાલતમાં પણ આખરે તો માણસો જ બેઠેલા હોય છે. ગુજરાતની વિશિષ્ટ પરિસ્થિતિઓ એ લોકોને ખ્યાલ આપવાની જરુર છે. ગુજરાતમાં શરુથી જ ગાંધી-પ્રભાવ હેઠળ 'મગન માધ્યમ' ચાલ્યું, બીજે બધે અંગ્રેજી અકબંધ રહી. માતૃભાષામાં ભણનારને કે સ્ટેટ બોર્ડની પરીક્ષા આપનારને અંગ્રેજી માધ્યમના અને સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓની લગોલગ મૂકવાની શી જરુર હતી? મેડિકલ કૉલેજમાં ગયા પછી ગુજરાતી માધ્યમમાં અને સ્ટેટ બોર્ડની પરીક્ષા આપીને પ્રવેશ મેળવનારો વિદ્યાર્થી સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીની સરખામણીએ ઊણો જ ઊતરે તે જરુરી નથી. અત્યાર લગી ગુજરાત એસ.એસ.સી. બોર્ડની પસાર કરીને મેડિકલમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ઘણા સફળ ડૉકટરો સાબિત થયા છે, એટલું જ નહીં - એ વિદેશમાં વસી જઈને ત્યાંના સ્થાનિક ડૉકટરો કરતાં આગળ નીકળી ગયા છે. અગાઉ તો 'ગુજકેટ' વાળી વધારાની જફા પણ નહોતી. સીધો જ બોર્ડની પરીક્ષામાં મેળવેલ ગુણાંકની મેરિટ પર મેડિકલમાં પ્રવેશ મળતો હતો. ગુજરાતની શિક્ષણ વ્યવસ્થામાં 'ગુજકેટ' એક વધારાની જફા હતી, જેને રિપ્લેસ કરીને હવે રાષ્ટ્રીય સ્તરની 'નીટ' નામની નવી બલા આવી પડી છે. બિચારા કાચી કુમળી વયના વિદ્યાર્થીઓની માઠી દશા બેઠી છે. એમને આ ઉંમરમાં તો મોજમજા કરતાં જ્ઞાનસાધના કરવાની હોય. એને ઠેકાણે કટોર પરિશ્રમ કરાવીને એમનામાં જે સ્પર્ધાનું ઝેર રેડવામાં આવે છે તે એમનો વિકાસ રૂંધી નાખે છે, આખરે એ ડૉકટર કે ઈજનેર બનીને મશીનની જેમ જ વર્તે છે. સમાજ અને પરિવારે એમના પર જે ત્રાસ ગુજાર્યો છે એનો બદલો લેવાની નકારાત્મક માનસિકતા સાથે એ ડૉકટરની કે ડેન્ટિસ્ટની ડિગ્રી લઈને બહાર પડે ત્યારે એમનામાં માનવીય સંવેદનાની અપેક્ષા રાખી શકાય ખરી? શિક્ષણવિદોએ આ મુદ્દો પણ વિચારવા જેવો છે.

## મુસ્લિમ પર્સનલ લૉ રદ કરવો એ સમયની માંગ

**ધાર્મિક સ્વંતત્રતાએ બંધારણના અધિકાર ક્ષેત્રની વિરૂદ્ધ છે**



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

શાયરાબાનોની અરજીનો સ્વીકારએ દેશમાં મુસ્લીમ મહિલાઓની સમાનતાની દિશામાં પ્રગતિના પ્રથમ સોપાન સમાન છે. મૌખીક રીતે ત્રણ વખત તલાક બોલીને આપવામાં આવતા છૂટાછેડાને માનવીના મૂળભૂત અધિકારના ભંગ સમાન અને ગેરબંધારણીય ગણાવ્યું છે. ભારતના રાજકારણમાં હંમેશા મુસ્લીમ મહિલાઓની વોટ બેન્કના કારણે અવણના કરવામાં આવી છે અને તેના અવાજને દબાવવામાં આવી રહ્યો છે પરંતુ સોશ્યલ મીડીયાના વધતા જતા ફેલાવાના કારણે કહો કે મહિલા સમાનતા અભિગમને કે મહિલા અનામતના કારણે તેમજ સુપ્રિમ કોર્ટને મુસ્લીમ વોટ બેન્કની ગરજ નથી તેને તો ભારતના બંધારણને પાળવાનું છે.

ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડનું કહેવું છે કે આ તો ધાર્મિક બાબત છે તેમાં સરકાર સીધી રીતે દખલગીરી ના કરી શકે જો મહિલાઓને મંદિરમાં પ્રવેશવાનો મુદ્દો સુપ્રિમ કોર્ટ નિર્ણય કરી શકતી હોય તો મુસ્લીમ પર્સનલ લો અંગે કેમ નહી દેશમાં સમાન સીવીલ કોડ કેમ લાગુ ના પાડી શકે? આ પ્રશ્ન હવે ચોમેરથી ઉઠવા પામ્યો છે. શરીયતનો કાયદો એ કુરાન પર આધારીત છે. ઈસ્લામને લાગેવળગે છે ત્યાં સુધી તેનું અધિકાર ક્ષેત્ર મજબુત છે. ધાર્મિક સ્વતંત્રતા એ બંધારણના અધિકાર ક્ષેત્રની વિરૂધ્ધ હશે પરંતુ બંધારણમાં સ્પષ્ટ જોગવાઈ છે કે ધાર્મિક સ્વતંત્રતાથી કયારેય વ્યક્તિના બંધારણીય અધિકારનો ભંગ થવો ના જોઈએ. પરંપરાગત ધાર્મિક રીતરસમોમાં સુધારાને અટકાવી ના શકાય. શરીયતના કાયદામાં મહિલાઓને વ્યભિચાર કે ચોરી બદલ પથ્થર મારી મારી નાખવાની સજાની જોગવાઈ છે પરંતુ બિનસાંપ્રદાયીક દેશમાં સરીયતના કાયદાનો અમલ શકય નથી તો બહુપત્નીત્વ અને મૌખીક તલાક ના કાયદા જ શા માટે લાગુ પાડવામાં આવે છે? શરીયતના કાયદામાં વ્યાજ લેવાની મનાઈ છે જે હાલના બેન્કીંગ યુગમાં શકય નથી. ધાર્મિક લઘુમતીઓને લગ્ન અને વારસા જેવી બાબતમાં છૂટ આપવામાં આવી છે હિન્દુઓમાં પણ બહુપત્નીત્વ પ્રથા રદ કરી મહિલાઓને વારસાઈના હક્કો આપવામાં આવ્યા છે. છૂટાછેડા લીધેલ સ્ત્રીને પુનઃ લગ્ન ના હક્કો આપેલ છે પરંતુ મુસ્લીમમાં સુધારાઓની વાત આવી તો આશ્ચર્યજનક રીતે ટાળવામાં આવી જેથી મુસ્લીમ મહિલાઓ પછાત અને અશિક્ષિત રહેવાથી શોષણનો ભોગ બનતી રહી.

બંધારણના માર્ગદર્શક સિધ્ધાંત મુજબ સરકારે સમગ્ર ભારતમાં એક સમાન નાગરિક સહિતા લાગુ કરવી જોઈએ. માત્ર ત્રણ વખત તલાક બોલી મહિલાના અધિકાર ક્ષેત્રમાં કે કાયદાથી મળતા લાભના હક્કોમાં તરાપ ના મારી શકાય. મુસ્લીમ સમાજે પોતે જ આની પહેલ કરવી જોઈએ અને સ્ત્રીને સમાન અધિકારની તરફેણ કરી મુસ્લીમ પર્સનલ લો બોર્ડના નિયમમાં સુધારા કરવા જોઈએ પરંતુ રૂઢીચુસ્ત મુસ્લીમોના હાથમાં પર્સનલ લો બોર્ડની ઈજારાશાહી છે જે કયારેય સુધારા વાદી વિચારસણી અમલમાં મુકી શકે જ નહિ કે સમાન સીવીલ કોડની તરફેણ પણ કરી શકે તેમ નથી. મહિલાઓને કાયમ ધાકમાં રાખી તેના અધિકારને સતત અને સતત છીનવતા રહેવાનો ઈજારો પર્સનલ લો બોર્ડે જાણે કે મુસ્લીમ પતિને આપેલ હોય તેવું માને છે. મુસ્લીમ વસ્તીનો અડધો હિસ્સો મહિલાઓનો છે પરંતુ સંગઠન અને શિક્ષણનો અભાવ, જાગૃતતાનો અભાવ, પોતાના હક્કો વિશે અજ્ઞાનતાના કારણે આજદિન સુધી પુરૂષોના આધિપત્ય સામે અવાજ ઉઠાવી શકેલ નથી આના માટે મુસ્લીમ મહિલાઓએ માન લેવું જોઈએ.

કોમન સીવીલ કોડ એ હિન્દુઓ દ્વારા મુસ્લીમો પર લાદવામાં આવતો કાયદો હશે તેવો અપપ્રચાર કરી મુસ્લીમોને ગેર માર્ગે દરવામાં પણ આવે છે. માત્ર ગોવા જ દેશમાં પ્રથમ રાજય છે જયાં તમામ ધર્મોના વ્યક્તિગત કાયદા પર પ્રતિબંધ છે. ગોવામાં પોડુગીઝ સાશનના સમયથી સંસ્થાનવાદી કાયદા છે. આઝાદી મળ્યા બાદ ગોવામાં પણ મુસ્લીમ પર્સનલ લો નો કાયદો અમલમાં મુકવા માટે મુલ્લાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા જેનો મુસ્લીમ યુવાનો અને શિક્ષિત મહિલાઓએ વિરોધ કરી સમાન સીવીલ કોડને અપનાવવાની પહેલ કરેલ. સુપ્રીમ કોર્ટે ગોવાનું અનુકરણ અન્ય રાજયો દ્વારા ફરજીયાત બને તે દિશામાં ભારતના બંધારણની જોગવાઈ મુજબ સમાન સીવીલ કોડ લાગુ પાડવા માટેના પ્રયત્નો કરવા જ જોઈએ.

મુસ્લીમ મહિલાને સમાન અધિકાર તથા ભરણપોષણ તથા સંતાનોની સારસંભાળ અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

## છપ્પનની છાતી સાથે ૫૬માં વર્ષમાં પ્રવેશ




હું ગુજરાતી છું, મને તેનું અભિમાન છે, આપણને આપણા ગુજરાતી હોવા માટે આટલું પ્રદેશાભિમાન તો હોવું જ જોઈએ... પછી ભલે તે પ્રદેશવાદમાં ખપતું.

મહારાણા પ્રતાપ પાસે ચેતક ઘોડો હતો તે બધા જાણે છે, પણ તે ચેતક ઝાલાવાડનાં ધ્રાંગધ્રાના ખોડું ગામના ચારણે આપ્યો હતો એ વાતની ખબર છે?

સ્વામી વિવેકાનંદ શિકાગોની ધર્મ પરિષદમાં ગયેલા તે બધા જાણે છે પણ તેમને આ ધર્મસભા પરિષદની માહિતી ગુજરાતના જેતલસરના સ્ટેશન માસ્તરે આપી હતી તેની જાણ છે?

૧૯૪૨-૪૫ ના સમયમાં પોલેન્ડમાંથી ૫૦૦ જેટલી સ્ત્રીઓ અને બાળકો ભરેલું જહાજ નીકળે છે અને મધદરિયે તોફાન ઉપડે એટલે પોલેન્ડના અધિકારીઓ એમ કહે છે કે વિશ્વનો જે દેશ સાચવે ત્યાં તમે ચાલ્યા જાવ, કોઈ દેશ સાચવવા તૈયાર ન થાય અને જામનગરના દિગ્વિજયસિંહ પોતાના હવામહેલમાં એ ૫૦૦ લોકોને પુરા ૭ વર્ષ સુધી રહેવા-જમવાની સુવિધા કરીને સાચવે તે હાલની 'બાલાચડી સૈનિક સ્કૂલ' આ વાતની કેટલાને ખબર!

ગુજરાત - ગુણપૂજક, જુસ્સાવાળી, રાષ્ટ્રીય સભર, તાકાતવાન ખમતીધર પ્રજા, ગમે તેવા મોટા આઘાતનું વિષ ગુજરાતે અને ગુજરાતી પ્રજાએ શંકરની જેમ પચાવી જાણ્યું છે... અને દર વખતે થપાટ ખાઈને ફરી પાછું ફિનિક્સ પક્ષીની જેમ વધારે જુસ્સાથી આગળ વધ્યું છે... એ પછી ૨૦૦૦નો ભૂકંપ હોય, ૨૦૦૨ના હુલ્લડ હોય, તાપીનો જળપ્રકોપ હોય, આ બધું પાછળ મુકીને આગળ વધી જનારી પ્રજા અને પ્રદેશ એટલે ગુજરાતી અને ગુજરાત...

ગાંધીજી અને સરદારનું લોઢું તો આખી દુનિયાએ માન્યું છે.

જે રાજયમાં 'સિધહેમ શબ્દાનુશાસન' ગ્રંથની સવારી સ્વયં રાજા સિદ્ધરાજ જયસિંહ હાથી પર નિકાળે તે ગુજરાતના આપણે વારસદાર છીએ. સંતોની પાવન ભૂમિ છે આપણી ગૂર્જર ભૂમિ. ગુજરાતની માટી અને પાણીમાં જ એ સત્ છે કે રાજયની કોઈ પણ દિધામાં જાવ એકાદ ઓલિયો અવતાર મળી જ આવે.

જરાસંઘના ત્રાસથી સ્વયં કૃષ્ણને આશ્રય ગુજરાતની ભૂમિએ આપ્યો છે, તો સંજાણ બંદરે આવનારી પારસી કોમને પણ દૂધમાં સાકરની જેમ મેળવી દેનાર આપણો પ્રદેશ છે.

ગુજરાત એક માત્ર એવો પ્રદેશ છે જેણે બે દેશના રાષ્ટ્રપિતાને જન્મ આપ્યો... મહાત્મા ગાંધી અને મોહમ્મદ અલી ઝીણા...

આવા બેનમૂન અને અદ્વિતીય ગુજરાતને જયારે કોઈ વગોવી જાય ત્યારે લોહી ઉકળી જાય છે... પટેલ, વાણિયા, બ્રાહ્મણ, ઓ.બી.સી., બક્ષીપંચ આ બધું પછી પહેલા ગુજરાતી છું.. એવું વિચારનારા આપણા મગજમાં શું ભરાઈ બેઠું છે!

સંઘર્ષ ટાળવાની મનોવૃત્તિને કોઈ નબળાઈ ગણીને, શક્તિહીન માનીને નપુંસક તરીકે લેખાવે ત્યારે જરાક આંખ કરડી કરીએ એટલે અસહિષ્ણુત અને અશાંત બની ગયા! અન્યાય સામે અવાજ ઉઠાવવાનું કોચિંગ તો આપણે ગાંધીજી પાસેથી શીખ્યા છીએ?

હમણાં જ અહેવાલ હતો કે ઘણા આઈ.પી.એસ. અને આઈ.એ.એસ. અધિકારીની બદલી થયા બાદ ગુજરાત આવે પછી નિવૃત્તિ બાદ અહીં જ સ્થાયી થાય છે. આપણા રાજય જેટલી સલામતી બીજા એકેય રાજયમાં નથી...



વિચારયાત્રા

ડો. જય ઓઝા

બધાને આપણી અદેખાઈ અને ઈર્ષા થાય છે... આપણે ત્યાં બહેન, દીકરી અડધી રાત્રે પણ પિકચર જોઈને ડર્યા વિના ઘરે પાછી આવી શકે છે...

પથ્થરને પાટુ મારીને પૈસા કમાવાની તાકાત છે ગુજરાતીમાં, પૈસા કમાઈ જાણે છે તો વાપરી જાણવાની છાતી પર ધરાવીએ છીએ...

આપણી ખરીદશક્તિ ખૂબ જ છે, મોજ-શોખ અને તહેવાર, પ્રંસગને વટ કે સાથ ઉજવવામાં આપણા જેવા બીજા કોઈ નહીં હોય.

જરા વિચાર તો કરો... આપણું ગુજરાતી કલ્ચર કેટલું અસરકારક છે કે દરેક ચેનલ પરની સિરીયલમાં ગુજરાતી વાતાવરણ ઊભું કરવું પડે છે.. ઊંધીયું, ઢોકળાં ને હાંડવાનો ઉલ્લેક રાસ-ગરબાની પાર્ટી દરેક સિરીયલમાં હોય છે...

દુનિયાની કોઈ પણ ખૂણામાંથી આવતી મલ્ટીનેશનલ કંપની પોતાની પ્રોડક્ટનું સૌથી પહેલું ગુજરાતમાં લોન્ચીંગ કરે છે... આપણી આજુબાજુના રાજય રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના ટુરિઝમ આપણા પર ટકેલા છે, માત્ર આ ત્રણ રાજય જ શું કામ? આખા દેશની જોવાલાયક જગ્યાઓ વિદેશના પર્યટન સ્થળો પર પણ ગુજ્જુઓનો દબદબો છે... ખાખરા-થેપલા-ઢોકળાં યુનિવર્સલ ખોરાક બની ગયો છે... દેશના વિદેશના કોઈ પણ ખૂણામાં જોવાલયક સ્થળો પર ગુજરાતી પાટિયા જોવા મળી જ આવે છે...

ગુજ્જુ હોવાનો મને ગર્વ છે! પણ ક્યાંક આપણને આપણી જ નજર ન લાગી જાય! યારો! ધ્યાન રાખજો... પ્રદેશવાદ પોસાશે પણ જાતિવાદ નહીં પોસાય... Be Careful...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## વાણીમાં વિવેક-શીલ-સભ્યતાની સાથે સાથે લાગણી ભળે, મીઠાશ ભળે ત્યારે સામેની વ્યક્તિ એના કારણે પ્રેમવશ થઈ જાય છે

'મેડમ, તમારી બેંકમાંથી આ ત્રીજી વાર એકની એક વાત માટે જાણકારી મેળવવા ફોન આવ્યો છે, મારે નથી જોઈતું કાર્ડ બસ...'

તપને જરા ગુસ્સામાં આવીને કંટાળાના ભાવ સાથે કહ્યું અને સામેથી મધુર અવાજમાં એની વાતને અવગણીને કોઈએ કહ્યું 'સર સબ સે પહેલે તો મેં આજ કા આપકા દિન શુભ રહે ઈસકે લીયે શુભકામના કરતી હું ઔર મન હી મન પ્રાર્થના ભી કરતી હું તપનજી...'

અને શું જાદું થયો કે તપન પળભર માટે આવેલો ગુસ્સો ભુલીને હસી પડ્યો.

ગામડા ગામમાં અભ્યાસ અને ઉછેર-સરકારી નોકરી પણ સમયસર મળી ગઈ. વતનમાં જ એકાદ દાયકો નોકરીનો પુરો કર્યો. દરમિયાન સુશીલ કન્યા જોડે લગ્ન થયા. બે બાળકોનો પરિવાર થયો. એક સામાન્ય સરકારી કર્મચારી મધ્યમવર્ગીય પ્રકારનું જે જીવન જીવે એ જ સ્ટાઈલથી એની જિંદગી પસાર થઈ રહી હતી. આવક અને જાવકના છેડા દર મહિને સરભર થઈ જતા કારણ કે મિત્રો-સ્વજનો અને સગાં-વહાલાંને આતિથ્ય પુરું પાડવું, સામાજિક પ્રસંગે સૌથી પહેલા હાજર રહેવું એ એનો સ્વભાવ હતો.

ઊડાઉ સ્હેજ પણ નહિ પરંતુ હાથનો છુટ્ટો ખરો. ફિલ્મો-નાટકો-સંગીતના કાર્યક્રમો જોવા ગમે - સાંભળવા ગમે અને એ માટે પાસ માંગવાની ચેષ્ટા કરવી એ પ્રકૃતિ નહિ, પરિણામે મનોરંજન માટે પણ પૈસા ખર્ચાય, ઓડિયો-વીડિયો આલ્બમ અને પુસ્તકો ખરીદવામાં પણ એનો ઉમળકો વિશેષ.

સમય જતાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાનું વતન છોડીને અમદાવાદ જેવા મહાનગરમાં સેટલ થયો. માતા-પિતા સાથે રહેતા હતા અને વતનના ઘરે પણ આવન-જાવન કરતા હતા.

આરંભે સ્વાભાવિક રીતે મકાન ભાડે લીધું - બાળકોને સારી શાળામાં એડમિશન અપાવ્યું - સારા ટ્યુશનો રખાવ્યા. જરૂરિયાતો મુજબની મોટરકાર સહિતની જરુરિયાતો અને આધુનિક ઉપકરણો વસાવ્યા. ખર્ચા વધતા ગયા એટલે ફિલ્મો-નાટકો જોવાના શોખ ઘટાડી નાખ્યા, બાળકોના પ્રવાસો, વિવિધ ક્રિએટીવીટીના વર્ગો અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ધ્યાન કેન્દ્રિય કર્યું. એક સમયે લાગ્યું કે હવે આ શહેરમાં જ રહેવું છે તો પોતાનું જ મકાન ખરીદી લઈએ એટલે બેંકમાંથી લોન લઈને સારા વિસ્તારમાં ફલેટ ખરીદ્યો.

ગાડીના અને મકાનના હપ્તા શરુ થયા. બાળકોનો ભણવાનો ખર્ચો કૉલેજ કક્ષાએ ખુબ વધ્યો એટલે આર્થિક ભીંસ વધવા માંડી.


એકવાર દીકરાએ કહ્યું કે 'પપ્પા ટ્યુશનના ટીચરે અન્ય પાંચ સાત વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં મને કહ્યું કે તારી ફી બાકી છે, કાલે લેતી આવજે.' મહિનાના છેલ્લા દિવસો હતા. ફી ચુકવવામાં મોડું થયું હતું એ સાચી વાત હતી. આમ તેમ કરીને આખરે ફી તો ચુકવી દીધી પરંતુ એક વિચાર આવ્યો કે આવું થાય ત્યારે ક્રેડીટ કાર્ડમાં માટે અરજી કરી હતી. જરુરી આધારો તથા વિગતો સાથેના ફોર્મ ભર્યા બાદ એકવાર - પછી બીજીવાર અને પછી ત્રીજીવાર એક અઠવાડિયામાં બેંકની શાખાઓ અને વિભાગોમાંથી વેરીફીકેશનના ફોન આવ્યા. આ ત્રીજા ફોન સમયે તપન જરા અકળાયો હતો એટલે એણે લેખના આરંભે લખેલું વાક્ય બેંકમાંથી વાત કરનારા મહિલાને કહ્યું હતું.

સામે છેડેથી તપનની વાતને જાણે સાંભળી જ ન હોય એમ અત્યંત મીઠા-મુદગલ અને સાચા હૃદયથી કહેવાયેલા હોય એવા ભાવ સાથે તપનનો આજનો દિવસ શુભજાય એ માટે શુભેચ્છા આપવામાં આવી. સ્વાભાવિક રીતે એ પછી પેલી મહિલાએ બેંકની જરૂરિયાતો સમજાવીને વાત કહી અને આ છેલ્લો કોલ છે. એમ કહી પોતાની અગત્યતા કહી, તકલીફ બદલ ક્ષમાનો ભાવ પણ પ્રગટ કર્યો. પાંચ-સાત મિનિટના કોમ્પ્યુનિકેશન બાદ તપને એ મહિલાનું નામ પુછ્યું, 'સામેથી જવાબ મળ્યો 'કૃપા' એટલે તપને હસતા હસતા એમને કહ્યું કૃપાજી આજે તમે મને જિંદગી જીવવાની એક જડીબુટ્ટી સમજાવીને બહુ મોટી કૃપા મારા પર કરી છે...'

તપનને ક્રેડીટાકાર્ડ મળી ગયું. એમાં નવાઈની વાત ન હતી પરંતુ એ દરમિયાન એને જે સંદેશ મળ્યો કે હંમેશા બીજાને - સામેના પાત્રને શુભભાવનાથી જોવા - શુભકામના પાઠવવી એ એના માટે મૂડી બની રહ્યો છે.



નોકરી અને વ્યવસાયના ભાગ રુપે થયેલા એક સંવાદમાં જયારે માત્ર વ્યવહાર નહિ પરંતુ વિવેકની - લાગણીની વાત ભળે છે ત્યારે આવી સ્થિતિ સર્જાય છે.



અજવાળું - અજવાળું

તુષાર જોશી

નાટકીય રીતે નહિ, સાચા દિલથી સામેની વ્યક્તિને આદર આપવો - એનું શુભ વિચારવું - એને રાજી રાખવા પ્રયત્ન કરવો એ આપણા આનંદ માટે જરુરી છે.

ઓશોએ એક પુસ્તકમાં વૈજ્ઞાનિક અભ્યાસને ટાંકીને લખ્યું છે કે કોઈ એક વ્યક્તિ જયારે બીજી વ્યક્તિને શુભત્વ સાથે મળે ત્યારે બીજી વ્યક્તિના વ્હાઈટ સેલમાં વધારો થાય છે જે તેના માટે પોઝિટીવ એનર્જી ઊભી કરે છે.

આપણે ત્યાં એમ કહેવાય છે કે લુહાર-દરજી-સુતાર-કુંભાર વગેરે સ્કીલ્ડ વર્કરો હંમેશા માપીને કામ કરે છે. એક માણસ જ વાણીનો ઉપયોગ અમાપ કરે છે.

વાણીમાં વિવેક - શીલ-સભ્યતાની સાથે સાથે લાગણી ભળે, મીઠાશ ભળે ત્યારે સામેની વ્યક્તિ એના કારણે પ્રેમવશ થઈ જાય છે.

સંતોએ સત્સંગમાં - ભક્તિગીતો અને દુહાઓ દ્વારા વાણીના ઉચ્ચાર પર બહુ ભાર મુક્યો છે.

શક્ય તેટલું મૌન રાખવાથી (સહદ મૌન, મીંઢાપણું નહિ) એનર્જી બચે છે પરંતુ મૃદુ-પ્રેમાળ વાણીથી કોઈના જીવનમાં આનંદ ઉમેરાય છે અને સરવાળે એનો ફાયદો આપણને પણ થાય છે.

રોજીંદા જીવનમાં આવું મધ મીઠું સાહજીકપણે બોલનારા અને લોકોનો પ્રેમ સંપાદન કરનારા લોકો મળે ત્યારે આસપાસ અજવાળા રેલાય છે.

**તેજપુંજ :**

**કુટિલ બચન નહિં બોલીયે,**
**શીતલ બૈન લે ચિન્હી ।**
**ગંગા જલ શીતલ ભયા,**
**પરબત ફોડ તીન્હિ ।**

**- કબીર**